# મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ

**ફોજદારી કેસ નં.૨૩૧૭/૨૦૨૪**
**આંક–૫**

**ફરીયાદી ::–** **નામદાર સરકારશ્રી તરફે કુ.પી.એ.પટેલ,**
૩/૫ મો માળ, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.

**– : : વિરુધ્ધ : : –**

**આરોપી ::–** **શ્રી કમલેશભાઈ દુર્લભભાઈ તન્ના (કબજેદારશ્રી),**
**સી.ડી.બ્રધર્સ,**
૫૦૮/૩૦૨૫, ગુ.હા.બોર્ડ, બાપુનગર ચાર રસ્તા પાસે, અમદાવાદ

**ગુનો :–** કારખાનાધારા ૧૯૬૩ ના નિયમ–૧૧૦(૧) ના ભંગ બદલ કલમ–૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત...

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદીએ કારખાનાની તપાસ કરતા, પુખ્ત વયના કામદારોના નામ, કામનો પ્રકાર, જૂથપ પાળી તથા હાજરીની વિગતો દર્શાવતુ હાજરી પત્રક રજુ નહી કરીને ગુજરાત કારખાના ધારા ૧૯૬૩ ના નિયમ–૧૧૦(૧) ના ભંગ બદલ કલમ–૯૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની કોર્ટ સમક્ષ બી.એન.એસ.એસ.ની ક. ૨૧૦ મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા બી.એન.એસ.એસની ક.૨૨૩(૧) વંચાણે લઈને બી.એન.એસ.એસ. ની ક.૨૨૭ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈ ને આરોપીને સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવા માં આવેલ,જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓ નો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા આરોપી પોતાને ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. ત્યાર બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો

કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –: હુ ક મ :–

૧) આ કામે આરોપી/સંસ્થાને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે કારખાનાધારા ૧૯૬૩ ના નિયમ–૧૧૦(૧) ના ભંગ બદલ કલમ–૯૨ હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપી ને દંડ રૂા.૨૦૦૦/– × ૧ નિયમ × ૧ આરોપી એટલે કુલ મળી **રૂા.૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** નો દંડ અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
**CODE : GJ01045**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**લેબર કોર્ટ, અમદાવાદ**